# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-12-2025** **Midday : 2.30 TO 2.35 PM**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GANDHINAGAR – GENERAL MEETING

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે યોજાયેલી સામાન્ય સભામાં પરિવહનના અસરકારક અમલીકરણ અને બસના સંચાલન માટે જાહેર કંપની તરીકે વિશેષ હેતુ વાહન - SPVની રચનાને મંજૂરી અપાઈ છે.સામાન્ય સભામાં રસ્તા પહોળા કરવા અને રખડતા શ્વાન સહિત વિવિધ દસ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હોવાનું મેયર મીરાબેન પટેલે જણાવ્યુ હતું.

(બાઈટ - મેયર મીરાબેન પટેલ)

. . . . .

# 31ST DECEMBER - LAW AND ORDER

આવતીકાલે 31 ડિસેમ્બરની ઉજવણીને લઈને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા તકેદારીના પગલાં લેવાઈ રહ્યા છે.

મહેસાણા જિલ્લાના વિવિધ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા કાર્ય યોજના તૈયાર કરવામાં આવી છે. વ્યસન કરીને વાહન ચલાવનારા અને સલામતીનો ભંગ કરનારા તત્વોને રોકવા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. વાહનોની પણ સઘન તપાસ કરવામાં આવી રહી છે.

બીજી તરફ 31 ડિસેમ્બરની ઉજવણી અંતર્ગત ચાલી રહેલી તપાસ દરમ્યાન અરવલ્લી પોલીસે કેફી દ્રવ્યનું સેવન કરનારા બે લોકોને પકડ્યા છે.

(બાઈટ : જે. ડી. વાઘેલા, Dy.SP, અરવલ્લી)

. . . .

# G RAM G BYTE

દેશમાં વિકસિત ભારત—રોજગાર અને આજીવિકા મિશન—ગ્રામીણ વિકસિત ભારત- જી રામ જી નવો અધિનિયમ બન્યો છે. આ કાયદા હેઠળ દર નાણાકીય વર્ષમાં દરેક ગ્રામીણ પરિવારને 125 દિવસના વેતનની કાયદાકીય બાંહેધરી અપાઈ છે.

આ અંગે અમરેલીના શ્રમિક મહેન્દ્ર ખુમાણે પોતાની  પ્રતિક્રિયા આપી હતી.

**બાઇટ- મહેન્દ્રભાઈ ખુમાણ, શ્રમિક, હાથસણી**

.................

# EARTHQUAKE - NAVSARI

નવસારી જિલ્લાના વાંસદામાં આજે સવારે ભૂકંપના આંચકાઓ અનુભવાયા. અનુભવાયો. સવારે 9 વાગીને 24 મિનિટે 2.7 ની તીવ્રતાના આંચકાઓ અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ વાંસદાથી 62 કિલોમીટર દુર નોંધાયું હતું. તેમ ભૂકંપ શાસ્ત્રીય સંશોધન સંસ્થા દ્વારા જણાવાયું છે.

. . . . . . . .

# HANOL PM INVITATION

ભાવનગરમાં પાલિતાણા તાલુકાના હણોલ ગામની હણોલ ગ્રામ વિકાસ સમિતિ દ્વારા આગામી 13, 14 અને 15 જાન્યુઆરી, 2026ના રોજ 'આત્મનિર્ભર હણોલ મહોત્સવ 2026'નું ભવ્ય ત્રિદિવસીય આયોજન કરાયુ છે. તેનું ઉદઘાટન કરવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને નિમંત્રણ અપાયું છે.

હણોલના વતની અને કેન્દ્રિય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાની આગેવાનીમાં હણોલ ગ્રામ વિકાસ સમિતિએ દિલ્હી પહોંચીને પ્રધાનમંત્રીની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ મહોત્સવ 'આત્મનિર્ભર ભારત' અને 'સમૃદ્ધ ગામ – સમૃદ્ધ ભારત'ના પ્રધાનમંત્રી મોદીના દ્રષ્ટિકોણને સાર્થક બનાવવાના હેતુથી યોજાયો છે.

આ કાર્યક્રમમાં ગ્રામ ઓલિમ્પિક્સ ,ગ્રામ પ્રદર્શન , ગ્રામ વિકાસ સંવાદ , તીર્થગામ હણોલના વિવિધ પ્રકલ્પોનું ઉદ્ઘાટન , કુદરતી ખેતી પર સંવાદ અને મકરસંક્રાંતિ પતંગ મહોત્સવ વગેરેનો સમાવેશ થશે.

..................

# CHOTILA AAROH AVROHAN

રાજ્યકક્ષાની ૬ઠ્ઠી ચોટીલા આરોહણ-અવરોહણ સ્પર્ધા ’ યોજાઈ. જેમાં સમગ્ર રાજયમાથી ૧૪ થી ૧૮ વર્ષના કુલ ૩૩૭ જેટલા જુનિયર સ્પર્ધકોએ ભાગ લીધો હતો, જેમાં ૨૩૩ યુવકો અને ૧૦૪ યુવતીઓએ શક્તિ અને સ્ફૂર્તિનું અદભૂત પ્રદર્શન કર્યું હતું.

ભાઈઓમાં ૭.૦૪ મિનિટના નવા રેકોર્ડ સાથે સાહિલ પંચાળા પ્રથમ , ૭.૦૯ મિનિટ સાથે મેહુલ ગળસર દ્વિતીય અને ૭.૨૮ મિનિટ સાથે અજય રાવત તૃતીય ક્રમે રહ્યા હતા.

જ્યારે બહેનોમાં ૮.૨૩ મિનિટના રેકોર્ડ સાથે અસ્મિતા કટેશીયા પ્રથમ , ૯.૪૦ મિનિટ સાથે રસીલા જાંબુકિયા દ્વિતીય અને ૯.૪૫ મિનિટ સાથે શ્રેયા ભવનીયા તૃતીય ક્રમે વિજેતા થયા હતા.

સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા ખેલાડીને ૨૫ હજાર રૂપિયા , દ્વિતિયને ૨૦,હજાર રૂપિયા તેમજ તૃતિયને ૧૫,હજાર રૂપિયા સહિત ૩ લાખ રુપિયાથી વધુના રોકડ ઈનામો, પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરી સ્પર્ધકોને પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા.

. . . . .

# WOMEN CRICKET

મહિલા ક્રિકેટમાં , ભારત આજે કેરળના તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે પાંચમા અને અંતિમ **T20** આંતરરાષ્ટ્રીય મેચમાં શ્રીલંકા સામે ટકરાશે. આ મેચ સાંજે **7** વાગ્યે શરૂ થશે.

હરમનપ્રીત કૌરની આગેવાની ભારત પહેલાથી જ **5** મેચની શ્રેણીમાં **4-0** ની અજેય લીડ સાથે આગળ છે. રવિવારે રમાયેલી છેલ્લી મેચમાં , યજમાન ભારતે **222** ના લક્ષ્યની સામે **30** રનથી વિજય મેળવ્યો હતો.

અગાઉ, શ્રેણીની પ્રથમ ત્રણ મેચમાં, ભારતે ઓલરાઉન્ડ પ્રદર્શન કર્યું છે.

. . . . . . .